# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/180 Dt. 11/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત કરવામાં આવી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કિંગમાં ચેક ક્લિયરીંગની પ્રક્રિયાને ઝડપી બનાવવાના હેતુથી રિયલ-ટાઈમ ચેક ક્લિયરન્સ સિસ્ટમ તા. ૦૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજથી અમલી બનાવવામાં આવી હતી. પરંતુ ટેકનિકલ ખામીઓના કારણે જે ચેક થોડા કલાકોમાં જ ક્લિયર થવાના હતા. એ ચેક ગત ૬-૭ દિવસથી ક્લિયર થયા નથી તેવી ફરિયાદ અનેક વેપારીઓ અને ઉદ્યોગકારોએ કરી છે. જેને કારણે બેન્કના સ્ટાફ માટે પુનઃ જૂની મેન્યુઅલ સિસ્ટમથી ચેક ક્લિયર કરવાની નોબત આવી છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'દિવાળીની સીઝનમાં લિક્વિડિટી અટકવાથી વેપાર-વ્યવસાય પર સીધો પ્રભાવ પડી રહ્યો હોવાની અને ફ્રોડ થવાની સંભાવના હોવાની વેપારીઓએ ફરિયાદ કરી હતી. તેથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગેની રજૂઆત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને કરવામાં આવી છે.'